# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૫ • તા.૨૩ જુલાઈ થી ૨૯ જુલાઈ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે



# ભારત સરકારની માઈનોરેટી માટે લાભકારી સ્કોલરશીપ સ્કીમ


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ખુલ્લી આંખે જોવામાં આવે તે સપનાં

સપનાં એટલે ઊંઘમાં આવે, ઘસઘસાટ ઊંઘ હોયને ત્યારે સુષુપ્ત મસ્તિકમાં ભયાવક કે મજેદાર ઘટનાઓ આપણને દેખાય, આંખો ભલે બંધ હોય પણ, સારા સપનાં મનને ગમે, ખરાબ કે અઘટિત પ્રસંગો ધરાવતા સપનાથી ઊંઘ ઉડી જાય અને પછીએ સપનાં ને કારણે મનમાં ગભરાટ થાય, શંકા કુશંકા જાગે, અઘટિત બનાવ ઘટવાના ભયે ચેન ન પડે, સતત ડર લાગ્યા કરે. આ સપનાંની સૃષ્ટિ છે. સારા-મનગમતાં સપનાથી પોરસ ચડે ને ખરાબ સપનાંથી દિવસ રાતનું ચેન હરાઈ જાય.

હકીકતમાં ઊંઘમાં આવે એ સપનાં નથી એ મનો સૃષ્ટિની ભ્રમણા છે. સાચાં સપના તો ખુલ્લી આંખેથી જોવામાં આવે એ છે. અરે, સપનાં તો આપણને ઊંઘવા ન દે. સપનાં પોતાની મેળે સાચાં પડે એ માટે હાથ પર હાથ ધરી બેસવાથી ન થાય. સપના પૂર્ણ ત્યારે જ થાય જ્યારે દિવસ-રાત એક કરીને અથાગ મહેનત કરવામાં આવે. નહીં તો પછી સપનાં જોવામાં જ જિંદગી આમજ વિતી જાય. જે લોકોને માત્ર સપનાં જોવાનું જ પસંદ છે તેવાઓને રાત ટૂંકી લાગે છે અને જે લોકોને સપનાં પૂર્ણ કરવાની જીદ ચડે છે એમને માટે દિવસો ટૂંકા પડે છે. જ્યાં વિશ્વાસ ને શ્રદ્ધા છે શ્રમ અને શક્તિ છે ત્યાં જીદ કરવાથી સપનાં સાકાર થઈ શકે છે.

કંઈક બનવાનું સપનું જોવાથી મોટા કે મહાન નથી થઈ જવાતું. પણ મહાન કાર્ય સિદ્ધિપૂર્ણ ભાવનાથી સપના સાકાર થઈ શકે છે. ચાંદ તારા સુધી આપણે પહોંચી ન શકીએ પરંતુ આપણી નજર તેમની પર જરૂર રહેવી જોઈએ. નાના સપના જોવા ન જોઈએ. સપનાં તો એટલા મોટા હોવા જોઈએ જેનાથી આપણી જીંદગી જ બદલાઈ જાય, માત્ર જોવાથી સપનાં સાકાર નથી થવાનાં સપનાં જોઈને તેને ભૂલવા ન જોઈએ. પણ તેને સાકાર કરવા સાહસને શ્રમ કરવું જોઈએ. આપણા સપનાં બીજાને માટે પ્રેરક બને તે માટે સમય અને શક્તિનો બને તેટલો ઉપયોગ કરવો જોઈએ. જેટલા મોટા સપના તેટલા તેને સાકાર કરવા મથવું પડશે. આ કામ જાગવાથી થશે નહીં કે સૂવાથી. ઊંઘ વેરણ કરી દે એ ખરાં સપનાં છે. પ્રયત્ન કર્યા પછી પણ જો સપનાં સાકાર ન થાય તૂટી જાય તો બીજું સપનું જોવું. સતત સપનાં જોવાથી મોટા સપનાં સેવવાથી જ મોટા બની શકાશે. આપણું ભવિષ્ય આપણે કેટલાં સપનાં જોયા અને કેટલાં સપનાં સાકાર કર્યા એની ઉપરથી ઘડાય છે. સપનાં તો દરેક જણ જુએ છે પણ તેને પૂર્ણ કરવાની જીદ ને ઝનૂન કોક ધરાવે છે.

આખી દુનિયાને જીતવાની ને એને ઝૂકાવવાની ક્ષમતા જેમાં પરસેવો પાડવાની તાકાત છે, જેની પાસે દ્રઢ સંકલ્પ શક્તિ છે, સાહસ ભર્યો જીગર છે અને અથાગ મહેનત કરવાનું ઝનુન છે. તેઓના બધા સપનાં સાકાર થઈ શકે છે. સપનાં આવેને હાથમાંથી છટકી જાય ત્યારે તેની પાછળ ચીલ ઝડપે દોડી પકડી પાડવાની ક્ષમતા હોય તો જ એ તાબે આવે છે. નહીં તો હાથમાંથી જ છટકી જાય છે. રાતે ઊંઘમાં જુએલા સપનાં પછી ઘસઘસાટ ઊંઘ આવે છે. પણ ખુલ્લી આંખે જોયેલા સપનાં ઊંઘને વેરણ કરી દે છે. જાગૃત અવસ્થામાં જોએલા સપનાં આપણી જિંદગીને બનાવે છે.

-જય જ્ઞાતિમૈયા

# સુખી દાંપત્ય જીવનનો પથ

ઘર સંસારની ખરી ઓળખ પત્નીથી થાય છે. ઘર માત્ર દીવાલોથી બનતું નથી. ખરો ખર રીતે ઘર તો સ્ત્રીના સ્વાપર્ણથી બને છે. સ્ત્રી ઘરની શોભા છે, શણગાર પણ છે અને તોરણ પણ છે. સ્ત્રી એ પુરૂષના સમગ્ર જીવનનું દર્પણ છે. કોઈપણ વ્યક્તિને તેની પત્ની સિવાય બીજું કોઈ વધારે જાણી શકતું નથી. પુરૂષનો ચહેરો સ્ત્રી સમક્ષ ખુલ્લો પડી જાય છે. સારી, સંસ્કારી અને સુશીલ સહધર્મચારિણી મળવી તે ઘણી મોટી વાત છે. ખુશનસીબી છે. તે એક લોટરી જેવું છે. દરેક માણસના જીવન, વિકાસ અને પ્રગતિમાં પત્નીનો અમૂલ્ય ફાળો હોય છે. પતિ પત્ની એકબીજાના પૂરક છે. પ્રેમ, શ્રધ્ધા, સ્નેહ અને વિશ્વાસ દાંપત્યજીવનના ચાર પાયા છે. જેની ઉપર આ મંગલ માંડવો રોપાયેલ છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જીવનસાથીની શોધ આજે દુષ્કર થઈ છે. સારો, સમેળ ધરાવતો પાત્ર શોધવો મુશ્કેલ છે. જીવનસાથીની પસંદગી માટેનો કોઈ ચોક્કસ ધોરણ હોતું નથી. મનને ગમી સે મહારાણી. હાલનો સમય રૂપ, રંગ, શિક્ષણ, સ્વભાવ, મોર્ડન વિચાર, આધુનિક જીવનશૈલીને વધુ મહત્વ અપાય છે. સ્વભાવ, સમજદારી, ધૈર્ય, કૌટુંબિક ભાવના, વડીલો પ્રત્યે આદર લાગણી જેવા ગુણો જોવા ગૌણ થઈ ગયા છે. ખાનદાન, વડીલોની આન, બાન, શાનનો ગુણ સંતાનોમાં નહીંવત હોય છે. ઉચ્ચ શિક્ષણ, સંગતની અસર આજના સંતાનોમાં વધુ હોય છે. એટલે ગાઢ પરિચય અને અનુભવ વગર પરખ કરવી તેના સ્વભાવને જાણવું કઠીન હોય છે.

જીવનસાથીની પસંદગીમાં ઊંચી અપેક્ષાઓ રાખવાથી હતાશા સાંપડે છે. પોતાની હેસિયત કરતાં અધિક મળે એની લાલસા માણસને દુઃખી કરે છે. આદર્શ વ્યક્તિની શોધ સહેજ થતી નથી. સ્વપ્ન રંગીન હોય છે પણ વાસ્તવિકતા કઠોર અને કડવી હોય છે. સહવાસ અને સહજીવનના તાપમાં તપીને મૈત્રીની મધુરતા નિખરે છે. સ્વપ્નોના ખ્યાલ રંગીન છે પણ, વાસ્તવિકતા એનાથી વિપરીત છે. જિંદગીમાં આરોહ અવરોહ, સુખ-દુઃખ, ચિંતા-મુશ્કેલી આવતી રહે છે. એનો ભાર સાથે મળી ઉપાડવાનો હોય છે. બન્ને સાથીદારો એકબીજાના વિશ્વાસ, પ્રેમ અને આત્મીયભાવમાં લપેટાઈ સહજીવનને મધુર કરી શકે છે.

દાંપત્યજીવન યુવાવસ્થામાં પ્રેમ મૈત્રીથી સોહામણું, પ્રૌઢવસ્થામાં સહકાર અને સહારામાં ઓતપ્રોત અને વૃધ્ધાવસ્થામાં જ્યારે દીકરા-દીકરી પોતાના સંસારમાં ગુંથાઈ જાય ત્યારે એકમેકના જીવવા માટેનો સધિયારો બંન્ને છે. દાંપત્યજીવનમાં પરસ્પર પ્રેમ અને સમજણ હોય તો એવો કોઈ પ્રશ્ન નથી જેનો ઉકેલ ન થઈ શકે. લગ્નજીવનનો અર્થ છે અર્પણ થવું, પ્રેમમાં ઢળી જવું. ઢોળાઈ જવું જ્યાં બંન્ને પક્ષે લેવા કરતાં દેવાની, મેળવવા કરતા આપવાની, ઓળખવા કરતાં ઓગળવાની ભાવના હોય ત્યારે શું બાકી રહે? આ જ તો સાચો અને શુધ્ધ સુખ છે. જે માત્ર શોધવાથી નહીં પણ સાથમાં રહેવાથી જ મળે છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે ભારત સરકારની માઈનોરેટી માટે લાભકારી સ્કોલરશીપ સ્કીમ

લઘુમતિ જાતિ માટે પ્રી અને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટેની અરજી તા.૧ ઓગસ્ટ ૨૦૨૨થી ઓનલાઈન કરી શકાશે. જે માટે www.schoolarship.gov.in ઉપર લોગ ઈન કરવું. ડાઉનલોડ કરવું અને સ્કૂલ, કોલેજમાં રજૂ કરવું. એપ્લિકેશન સાથે સદર ડોક્યુમેન્ટ રજૂ કરવા માટે તૈયાર રાખવા. ● વિદ્યાર્થીનો ફોટો ● એડ્રેસ પૂરાવો ● ફી રસીદ ● માર્કશીટ ● આધારકાર્ડ ● કોમ્યુનિટી સર્ટિફિકેટ (Self deceleration) ● જરૂરી ઓથોરીટી દ્વારા ઈસ્યુ થયેલ ઈન્કમ સર્ટિફિકેટ ● બેંક એકાઉન્ટ નંબર બેંક નામ શાખા સાથે IFSC Code ● વધુ વિગત માટે સંપર્ક કુણાલ ડાઘા-૭૫૬૭૧૧૮૫૯૯

## SCHOLARSHIPS SCHEMES FOR MINORITES COMMUNITIE HAS BEEN ANNOUNCED FOR 2022-23 STARTING FROM

## 1 AUGUST 2022.

### PROCEDURE FOR APPLYING PRE & POST MATRIC SCHOLARSHIP

It is mandatory for all students to apply online on www.scholarships.gov.in Students needs to download the filled in online application & submit it in the respective School / College.

### LIST OF DOCUMENTS TO BE SUBMITTED ALONG WITH APPLICATION FORM

- Student Photo.
- Address Proof.
- Fee Receipts.
- Mark Sheets.
- Aadhaar Card.
- Community Certificate (Self deceleration)
- Income Certificate issued by Competent Authority.
- Bank Account number along with the IFSC Code.

**For more details Contact**
**Mr. Kunal Dagha - 75671 18599**

PLZ FORWARD TO MAXIMUM STUDENTS.

# સાંઘવ નગરે ચાતુર્માસ પ્રવેશ થયો શાનદાર વરસાદ વરસ્યો અનરાધાર...





શ્રી સાંઘવ નગરે તા.૧૧ જુલાઈ સોમવાર આષાઢ સુદ ૧૩ના સવારે બેંડના સૂરે ઢોલના ઢબુકે અને માથે બેડા લઈને બહેનોના સથવારે ધર્મની ધ્વજાઓની લહેરકીઓ સંગે માનવ મહેરામણની સંગાથે પ.પૂ.સા.ભ.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. પ.પૂ.સા.ભ.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.નું મંગલકારી ચાતુર્માસ પ્રવેશ સંઘની ઉપસ્થિતિમાં ઉમંગભેર સંપન્ન થયું. સાંઘવવાસીઓ નિયાણી બહેનો, બાયઠ, સાંયરા, જૈન સંઘોના શ્રાવક શ્રાવિકાઓ ગુરૂભક્તો પ.પૂ.મ.સા. કુટુંબીજનો હાજર રહીને પ્રવેશના કાર્યક્રમને ચાર ચાંદ લગાડ્યા નાયશે નદી બે કાઢે વહી રહી હતો પણ ૫૦ કિ.મી. ફરીને પ્રવેશમાં મુંબઈ, નાંદેડ, બીજાપુર, શેવગાંવ, વાપી, અંકલેશ્વર, ગાંધીધામ, ભુજથી સર્વે જણ પધારેલ તે બદલ સર્વેનું ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંઘવ સૌનું અંતઃકરણથી આભાર વ્યક્ત કરેલ. સંચાલન કાર્યક્રમનું વિપુલ પટેલ અને આભારવિધી પ્રદીપ ખોના કરેલ. પ.પૂ.મ.સા.ને ધર્મગ્રંથ વહોરાવવાનો લાભ માતુશ્રી પ્રેમિલાબેન પદમશી લોડાયા, સાંયરા-વાશી રૂા.૧૮૧૧૮/- ચારિત્ર મહાભારત વહોરાવવાનો લાભ : હિનાબેન રતિલાલ દામજી ધ્રોળ પરિવાર, સાંયરા-ડોંબિવલી રૂા.૮૦૦૧.



મતિજ્ઞાન : રૂા.૩૧૩૧ મીર, કનીષ્ઠ મેહુલ નાગડા, તેરા-દુબઈ, શ્રુતજ્ઞાન : રૂા.૨૦૦૧ માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ, ભાંડુપ, અવધિજ્ઞાન : રૂા.૨૫૦૧ માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ હ.શામજીભાઈ ભાંડુપ, મનપર્યવજ્ઞાન : રૂા.૩૦૦૧ અ.સૌ.વૈશાલી વિજય ધરમશી સાંયરા-મુલુંડ, કેવલજ્ઞાન : રૂા.૮૮૮૮ શ્રી જગદીશભાઈ કાનજી ધરમશી, તેરા-ઘાટકોપર.



સાધારણ ખાતામાં રૂા.૨૫૦૦૦/- માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના પરિવાર, ભાંડુપ, રૂા.૨૫૦૦૦/- શ્રી જગદીશ કાનજી ધરમશી, તેરા-ઘાટકોપર. ટોટલ ૧૭૦ જણની સંખ્યામાં સર્વે પધારેલ.

૩૧ આયંબીલ તપ થયેલ. ૨૦/૨૫ જણની સંખ્યામાં એકાસણા. અ.સૌ.દમયંતીબેન ચાંપશી લોડાયા, ઘાટકોપર, શેઠ શ્રી શામજી નરશી દંડ, મુલુંડ, વિમલાબેન ઠાકરશી પટેલ, મુલુંડ, હેમલતાબેન નલીનકાંત પીર, સુથરી, શ્રી જગદીશ કાનજી ધરમશી, તેરા તરફથી રૂા.૨૫૦/-ની એક જણને પ્રભાવના કરાવવામાં આવેલ. પ્રવેશ દરમ્યાન પ્રત્યક્ષ પરોક્ષ રીતે સહયોગ ઓપનાર નામી-અનામી સર્વેન્તે ખૂબ ખૂબ આભાર.



॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥
સાંઘવ નગરે ચાર્તુમાસ
કરવાનો સંપૂર્ણ લાભ
સવંત ૨૦૭૮ - સાલ ૨૦૨૨
અ.સૌ.દમયંતીબેન ચાંપશી માણેકજી શાહ
(લોખંડવાળા) પરિવાર
પુત્રવધુ- અ.સૌ. જસ્મીની અતુલ ચાંપશી શાહ
પુત્રી-જમાઈ : અ.સૌ. માધવી રાહુલ ખોના
પૌત્રી : ઉર્જા, વીહા : દોહિત્ર : વીર
સાંઘવ- ઘાટકોપર

# વડોદરા સંઘમાં વિમલનાથ દાદાના લક્ષ જાપ શ્રાવક શ્રાવિકાઓએ કર્યા

તા.૨૦ જુલાઈ બુધવારના કેડીઓ વડોદરા સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં વિમલનાથ દાદાના લક્ષ જાપ શ્રાવક શ્રાવિકાઓએ અદ્ભૂત ધર્મ ભાવ સાથે મંગલમય આરાધના સાથે કર્યા.





# કચ્છના સાંધવ સંઘમાં પાર્શ્વ પદ્માવતી પૂજનની ધર્મ આરાધના કરાઈ





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધવ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શાતા ભરી નિશ્રામાં પાર્શ્વ પદ્માવતી પૂજન વિધિકાર કેવલ સાવલાના સથવારે ભણાવાયેલ. ભાવિકજનો ભક્તિ ભાવ સાથે ધર્મ લાભ લઈ ધન્ય હતા.

॥ યુગાદી આદીશ્વરાય નમો નમઃ ॥

શાસનસમ્રાટ, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. સંસ્થાપિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વે. જૈન સંઘ

**ટ્રસ્ટ રજી નં A2898 (Mumbai),**

**ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪**

## સામાન્ય સમિતિની બંધારણ સુધારા માટેની ખાસ સભાની નોટીસ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની સામાન્ય સમિતિ (આજીવન દાતા સભ્ય, ઉપદાતા સભ્ય, મુરબ્બી સભ્ય, ઉપમુરબ્બી સભ્ય, સહાયક સભ્ય, ઉપ સહાયક સભ્ય, આજીવન સભ્ય તથા સામાન્ય સભ્ય) ની

**બંધારણ સુધારા માટેની ખાસ સભા**

**રવિવાર, તા. ૨૧-૮-૨૦૨૨ ના સવારે ૯.૩૦ કલાકે**

શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી, શ્રી સુવિધિનાથ જિનાલય, કલ્પતરૂ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ), જી. થાણા-૪૨૧ ૨૦૧ મધે નીચે જણાવેલ કાર્યવાહી કરવા એકત્ર મળશે.

### કાર્યસુચિ

૧) બંધારણ સુધારા સમિતિ દ્વારા શ્રી સંઘના સુધારેલ બંધારણની ટ્રસ્ટબોર્ડ તથા વ્યવસ્થાપક સમિતિની તા. ૧૬-૭-૨૦૨૨ ની સભામાં રજુઆત કરાયેલ જેને સર્વાનુમતે મંજુરી અપાયેલ આ સુધારિત બંધારણ પર ચર્ચા વિચારણા કરી મંજુરી આપવા બાબત.

૨) પ્રમુખશ્રીની સંમતિથી અન્ય બાબત ચર્ચાય તે...

**તા. ક. : સુધારિત બંધારણની નકલ સભ્યોને શ્રી સંઘના કાર્યાલયથી બપોરે ૧૨ થી ૫ દરમ્યાન રૂા. ૫૦ /- ની કિંમતે મળી શકશે.**

**બંધારણ અંગેના આપના સુચનો લેખિતમાં શ્રી સંઘના કાર્યાલયે તા. ૫-૮-૨૨ સુધી મોકલી આપવા વિનંતી.**

**સભ્યોને સમયસર અવશ્ય પધારવા તથા સભા પૂર્ણ થયે બપોરની સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી**

**માનદ્ મંત્રીઓ - વિનોદ ખીમજી ગંગર, પ્રવિણ ટોકરશી લોડાયા, મિશ્રીમલજી આસુલાલજી શ્રીશ્રીમાલ, જયંતકુમાર ચીમનલાલ સંઘવી**

શાસનસમ્રાટ્, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સંસ્થાપિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

**દિવ્યકૃપા :** રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા

જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા

**આજ્ઞા-આશિષ :** સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.



જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તિ,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી

મ.સા. ની

## દ્વિતીય પુણ્યતિથિએ

સકલ સંઘોમાં

## અઠ્ઠમતપની આરાધના

**: શુભ દિવસો :**

શ્રાવણ સુદ ૪-૫-૬,
રવિ, સોમ, મંગળ
તા. ૩૧-૭-૨૦૨૨,
૧-૮-૨૦૨૨, ૨-૮-૨૦૨૨
(શ્રી નેમિનાથ દાદાનો
જન્મ દીક્ષા કલ્યાણક દિન)

ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘોને વિનંતિ આપના શ્રી સંઘોમાંથી વધુમાં વધુ સંખ્યામાં અઠ્ઠમ તપમાં આરાધકો જોડાય તે માટે પ્રયાસ કરશો અને નામો આપના શ્રી સંઘના લેટર પેડ પર લખી તા. ૧-૮-૨૨ સુધી મોબાઈલ નંબર ૯૮૨૦૧૭૪૪૩૮ પર વોટ્સએપ કરશોજી.

તપસ્વીઓને વિનંતિ આપ જે સંઘમાં આરાધના કરતા હો તે સંઘમાં નામ લખાવવા વિનંતી.

લી. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ - માનદ્ મંત્રીઓ

BINITA S. MARU - 9869034162

# એમ.પી.રાજ્યના ખંડવા સંઘમાં લોગસ્સ સૂત્રના અનુષ્ઠાન ભાવપૂર્વક થયા





મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘમાં તા.૧૭ જુલાઈ રવિવારના અદ્‌ભૂત ધર્મભાવ સાથે પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં લોગસ્સ સૂત્રના અનુષ્ઠાનનું આયોજન સંપન્ન થયું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ ધર્મ આરાધનામાં લીન થઈ લાભ લીધો હતો.







# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા મુલુંડમાં રાજેન્દ્ર ધુલ્લા સાથે મન ની વાત

મ્યુચલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર અને ઈન્સ્યુરન્સ સ્પશ્યિલિસ્ટ રાજેન્દ્ર ધુલ્લાની સાથે શ્રી કદઓ જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ તમારી પાસે લાવે છે મન ની વાત મ્યુચ્યુઅલ ફંડ વિતરક અને વીમા નિષ્ણાત પ્રથમ સર્વી સીસ ફિનકોર્પ એલએલપી (સમૃદ્ધ જીવન) બચાવેલા પૈસા એજ કમાયેલા પૈસા છે વિષે વ્યક્તવ્ય જેમાં રોકાણ શા માટે મહત્વનું છે?, તમારા પૈસા કેવી રીતે વધારવા?, ઉપલબ્ધ રોકાણના રસ્તાઓ શું છે?, તમારા બાળકોને પૈસાની સમજ/જવાબદારી કેવી રીતે આપશો?

એ વિષે જાણવા મળશે તા.૨૯મી જુલાઈ ૨૦૨૨ શુક્રવાર સાંજે ૪.00 થી ૫.00 સુધી. સ્થળ: શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવકુંજ હોલ), વિકાસ પલાઝોની પાછળ, કસ્તુરબા માર્ગ, મુલુંડ (પશ્ચિમ).

## ફુલ ખીલે ગુલશન ગુલશન



ધ્વીજા

ડાઘા પરિવાર

માતા – નેહલ

પિતા – કુણાલ

જન્મ – ૧૨-૦૭-૨૦૨૨



# ધન્વતંરિ યોજનાને મળ્યો ઉત્તમ પ્રતિસાદ

આપ સર્વે મહાસમિતિના સભ્યોને જણાવવાનું કે તા.૨૨ મેના મુંબઈ ખાતે મહાસમિતિની પ્રથમ સભામાં સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડ દ્વારા વિવિધ સમિતિઓના કાર્યોની રૂપરેખા અને તેના દ્વારા થઈ રહેલી દેશભરના જ્ઞાતિજનોની ખરી મદદ ની જાણ ઉપસ્થિત સભ્યોને જણાવી હતી.

સભામાં શ્રી નિશીથભાઈ દંડ દ્વારા અન્ય સમિતિના સભ્યોને આગામી વર્ષોમાં જ્ઞાતિજનોને મદદરૂપ થઈ શકાય તેવા પ્રકલ્પો પર કામ કરવા અપીલ કરી હતી, જેના સ્વરૂપે અને તેમની પ્રેરણાથી સ્વાભિમાન સમિતિના ચેરમેન શ્રીમતી હેમાબેન ગુલાબ છેડા, કન્વીનર અને ટ્રસ્ટીશ્રી હંસ બી. ખીમજી, સભ્યો શ્રી રાયચંદ ડી. જીવાણી, શ્રી તેજપાલ એલ. ધરમશી, શ્રી પદમકુમાર ડી. નાગડા, શ્રી સુજીવ જે. સોની, શ્રી દિલીપ આર.નાગડા, શ્રી કિશોર ટી.રતાણી, શ્રી પ્રદીપ એ. ખોના, શ્રી વીરચંદ એન.લોડાયા, તથા શ્રીમતી અમિષા આર. મુનવર દરેક સભ્યોની સુઝબુઝથી સરાહનીય એવી સિનિયર સિટીજન (વરિષ્ઠ) માટે ''ધન્વંતરિ'' નામની યોજના અમલમાં મુકવામાં આવી છે.

આ યોજના માટે ટૂંક સમયમાં સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પગલે ડોનેશન જમા કરીને જ્ઞાતિના વરિષ્ઠ જેમની વય ૬૫ વર્ષથી ઉપર અને પરિવારની રૂ.૧૫૦૦૦/- સુધીની આવક ધરાવનારને તેમની દવા માટેની આર્થિક સહાય રૂ.૧૦૦૦/- પેન્શન રૂપે પ્રતિ માહ એક વર્ષ સુધી હાલ પૂરતી આપવામાં આવશે, વધુમાં વરિષ્ઠ વ્યક્તિની જરૂરિયાત પ્રમાણે વોકસ્ટિક, વોકર અને કમર પટ્ટો જેવી સહાયક વસ્તુ પણ આપવામાં આવશે જેની નોંધ લેશોજી.

જેમ જેમ આ ''ધન્વંતરિ'' યોજનામાં આપણા જ્ઞાતિજનોનો તથા દરેક મહાજનો નો આર્થિક સહયોગમાં વધારો થતો રહેશે તેમ તેમ આપણે આ યોજનાને વધુ સમય માટે આપવાનો પ્રયત્ન કરતા રહેશું.

આ સાથે આ યોજનાનું ફોર્મ અને ગુગલ ફોર્મની વિગત મોકલેલ છે, જરૂરિયાતમંદ વ્યક્તિને મોકલી અથવા જાણ કરીને મદદરૂપ થવા વિનંતી છે, જે દરેક મહાસમિતિના સભ્યની ફરજ પણ છે તથા જે તે મહાજનના પ્રતિનિધિ તરીકે નિયુક્ત થયા છો તે મહાજનના પદાધિકારીઓને જાણ કરવાની જવાબદારી પૂર્ણપણે નિભાવવા વિનંતી છે. આ યોજનામાં અરજી કરનારે ફોર્મ ભરીને નીચે જણાવેલ સભ્યોમાંથી કોઈ એક ને વોટ્સએપ દ્વારા મોકલવા વિનંતી છે, અન્ય કોઈપણ બાબતની વિગત અથવા જાણકારી માટે થવા સ્વાભિમાન સમિતિના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી છે.

શ્રીમતી હેમાબેન જી. છેડા-9844044428, શ્રી રાયચંદ જીવાણી-8779875109, શ્રી તેજપાલ એલ. ધરમશી-9870070027.

## Shri Samast KDO Jain Mahajan

### Swabhimaan Committee ( Dhanvantri Scheme ) Donor's List

| Name | Place | Amount |
|---|---|---|
| Shri Hans B. Khimji | Matunga | 211,001.00 |
| Shrimati Hemaben Gulab Chheda | Banglore | 100,000.00 |
| Shri Raychand Devshi Jiwani | Dombivli | 50,000.00 |
| Shri Sujiv J. Soni | Gadag | 11,000.00 |
| Shri Tejpal Lakhamshi Dharamshi | Mulund | 11,000.00 |
| Shri Virchand Narshi Lodaya | Mulund | 11,000.00 |
| Kumari Mallika Nishith Dand | Vadodara | 11,000.00 |
| Shri Motichand Lalji Khona | Mulund | 10,000.00 |
| Shri Padamkumar Dhanji Nagda | Hubli | 5,000.00 |
| Shri Kishor Tejpal Ratani | Pune | 5,000.00 |

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન
# સ્વાભિમાન (ધન્વંતરિ યોજના)

**DHANVANTRI SCHEME REGISTRATION FORM**

આ યોજના ફકત વરિષ્ઠજનો (વડીલો) માટે,જેમની ઉંમર વર્ષ ૬૫ થી ઉપર અને માસીક આવક રૂ.૧૫,૦૦૦/- થી ઓછી હોય,એવા વડીલો માટે છે.
યોજના વીષે વધુ માહિતી માટે નીચે જણાવેલ કોઇ પણ સદસ્ય નો સંપર્ક કરવા વિનંતી:-

૧) **શ્રીમતિ હેમાબેન જી છેડા** - બેંગલોર - 9844044428
૨) **શ્રી રાયચંદ જીવાણી** - ડોમ્બિવલી - 8779875109
૩) **શ્રી તેજપાલ એલ ધરમશી** - મુલુંડ - 9870070027

**જે લોકોને ધનવંતરી સ્કીમ રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું હોય તે લોકો અહીં આ બોક્સ પર કલીક કરીને ફોર્મ ભરે**

# પાર્લા ઈસ્ટ સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. નવકાર મંત્ર સ્મરણ કરતા કાળધર્મ પામ્યા







મુંબઈ ઉપનગરના પાર્લા ઈસ્ટ સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. તા.૨૨ જુલાઈ શુક્રવારના સવાર સમયે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે. અંજાર કચ્છના માવિત્ર માતુશ્રી મણિબાઈ ધરમશી કાનજીની કૂખે અવતરેલ પુત્રી અંજાર મુકામે વૈશાખ સુદ ૧૪ વિ.સંવત ૨૦૨૪ના અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. બન્યા. પૂજ્ય સાહેબનું સંયમ જીવનના ૫૪ વર્ષ પૂર્ણ કરેલ અને ૫૫મા વર્ષમાં કાળધર્મ પામ્યા. સાહેબની પાલખી યાત્રા તે જ દિવસે બપોરે ૪ કલાકે અચલગચ્છ જૈન સંઘના ઉપાશ્રયથી નીકળી અંધેરી ઈસ્ટ ચકાલાના પારસી વડી સ્મશાન ગૃહ તરફ નીકળેલ. તે પહેલા ૨.૩૦ વાગ્યે પાલખી યાત્રાના ચડાવા થયા. ગુરૂ ભક્તો નત મસ્તકે અશ્રુ નિતરતી આંખે જય જય નંદા જય જય ભદ્રાના ઘોષ કરતા મોટી સંખ્યામાં જોડાયા હતા અને મહારાજ સાહેબને અંતિમ વિદાય આપી હતી.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

## જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે

## નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ ગચ્છ) શ્વેતાંબર જૈન સંઘની સામાન્ય સમિતિની બંધારણ સુધારણા હેતુ વિશેષ સભા

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ ગચ્છ) શ્વેતાંબર જૈન સંઘ ટ્રસ્ટ રજિ નં.A૨૮૯૮ મુંબઈ ન્યૂ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ બી કેશવજી નાયક રોડ, મુંબઈ-૯. ફોન : ૦૨૨૨૩૭૨૯૩૦૪ની સામાન્ય સમિતિની બંધારણા સુધારવા માટે એક વિશેષ સભા તા.૨૧ ઓગસ્ટ સવારે ૯.૩૦ કલાકે શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી, શ્રી સુવિધિનાથ જિનાલય, કલ્પતરૂ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ)માં જેમાં સામાન્ય સમિતિના જીવન દાતા સદસ્ય, મુરબ્બી સદસ્ય, ઉપ મુરબ્બી સદસ્ય, આજીવન સદસ્ય સામાન્ય સદસ્યોની ઉપસ્થિતમાં મળશે.

આ વિશેષ મિટિંગની કાર્યસૂચિ એજન્ડામાં સંવિધાન સંશોધન સમિતિ દ્વારા શ્રી સંઘનું સુધારિત સંવિધાનની પ્રસ્તુતિ ન્યાસી મંડળ અને પ્રબંધન સમિતિની તા.૧૬ જુલાઈ ૨૦૨૨માં મળેલ બેઠકમાં સર્વસંમતિથી મંજૂરી અપાઈ. આ સંશોધિત બંધારણને વ્યાપક ચર્ચા સ્વીકારેલ છે. એ સંવિધાનને સર્વ વ્યાપી મંજૂરી આપવા. અધ્યક્ષની સંમતિથી અન્ય મામલા વિષય ઉપર ચર્ચા કરવી. શ્રી સંઘ એજન્ડાના સભ્યોને સંશોધિત સંવિધાનની પ્રતિ નકલ રૂ.૫૦ની કિંમત પર બપોરે ૧૨ થી સાંજે ૫ કલાક દરમ્યાન ઉપલબ્ધ છે. શ્રી સંઘના કાર્યાલયને લેખિતમાં બંધારણના વિષયમાં સંબંધિત સભ્યોએ પોતાના સુઝાવના ૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી મોકલી આપવા. સભાના દિવસે સભાની બાદ સભ્યો માટે બપોરના સમયેની સાધર્મિક ભક્તિ સેવાની વ્યવસ્થા રખાઈ છે. આ પ્રકારની સૂચના શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ ગચ્છ) શ્વેતાંબર જૈન સંઘના માનદ્‌મંત્રીઓ વિનોદ ખીમજી ગંગર, પ્રવીણ ટોકરશી લોડાયા, મિશ્રીમલજી આસુલાલજી શ્રીશ્રીમાલ, જયંતકુમાર ચિમનલાલ સંઘવી દ્વારા અપાઈ છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મીના છેડા**
તા.૧૯ જુલાઈ (ઉ.૮૧)
નલિયા-ડોંબિવલી



**માણેકજી ભાટે (લાપસીયા)**
તા.૨૦ જુલાઈ (ઉ.૮૮)
ભાંડુપ-કોઠારા



**મીના છેડા**
તા.૨૧ જુલાઈ (ઉ.૭૦)
વારાપધ્ધર-બોરીવલી



**પ્રેમચંદ મૈશેરી**
તા.૨૧ જુલાઈ (ઉ.૮૫)
લાલા-ડોંબિવલી



**અજીત મોમાયા**
તા.૨૨ જુલાઈ (ઉ.૫૦)
વરાડીયા-ડોંબિવલી



**જ્યોતિ લુઠીયા**
તા.૨૩ જુલાઈ (ઉ.૬૭)
રવા-કલવા



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હાસ્પિટલના સહકારથી મુંબઈની કચ્છી જૈન સમાજની સાત અગ્રણી સંસ્થાઓના ઉપક્રમે વર્તમાન સયમાં ૩૦ થી ૪૦ વર્ષની વયના લોકોમાં હૃદયરોગ અને કેન્સરનું પ્રમાણ વધાર્યું છે. તેના સંદર્ભમાં મેગા મેડિકલ સેમિનાર યોજાયો. જેમાં ૫૨૫થી વધુ લોકોએ હાજરી આપી હતી. કચ્છી જૈન ફાઉન્ડેશનના સેક્રેટરી દીપક છેડા એ પ્રશ્નો અને તકલીફ માટે સુયોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

● અબડાસાના રાતા તળાવ ખાતેની સંત વાલરામજી મહારાજ પાંજરાપોળમાં પાંચ હજાર નિરાધાર ગૌવંશને આશ્રય અપાઈ રહ્યો છે. પરંતુ આ અબોલજીવોને માટે પશુ આરોગ્ય વિભાગનો સહયોગ ન મળતો હોવાને લીધે પશુઓનો રોગચાળો વકરતો જતો હોવાની ભીતિ રાજ્યના મુખ્યમંત્રીને લખાયેલા પત્રમાં વ્યક્ત કરવામાં આવી છે. સંસ્થા ગૌવંશની સંભાળ રાખે છે. જેમાં મોટી ઉંમરના પણ પશુઓ છે અને તેમને પ્રાથમિક સારવારની ગૌવંશ જીવોને સાથે ઘણમાં રાખવાના હોય છે. જેના કારણે આ બિમારી ઝડપથી ફેલાતી જાય છે. સંસ્થા દ્વારા આવા ગૌવંશને તરત અલગ વાડામાં પૂરવામાં આવે છે અને તાત્કાલિક સારવાર આપવાનું શરૂ કરાય છે. પણ રોગ ખૂબ જ ગંભીર છે જ્યાં સુધી એના લક્ષણો દેખાય ત્યાં સુધી પશુ જીવ અશક્ત બની જાય છે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક પગલાં નહીં લેવામાં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરાશે એવી ચીમકી સંસ્થાના ટ્રસ્ટી મનજીભાઈ ભાનુશાલી દ્વારા આવેદન પત્રમાં કરી છે.

● રાપર શહેરમાં સેવાકીય કાર્યો કરતી સંસ્થા જલારામ ગ્રુપે ૧૦ વર્ષમાં પ્રવેશ કર્યો છે. માત્ર ચાર સભ્યોથી શરૂ થયેલ આ ગ્રુપમાં આજે ૧૦૦ જેટલો સભ્યો સેવાયજ્ઞમાં આહુતી આપી રહ્યાં છે. શરૂઆત છાત્રાલયના વિદ્યાર્થીઓને નાસ્તાનું વિતરણ ગાયોને ચારો, પક્ષીઓને ચણ, ઉનાળામાં પછાત વિસ્તારોમાં ચંપલનું અને શિયાળામાં ધાબળાનું વિતરણ સહિતની સેવાકીય કાર્યો હાથ ધરાઈ રહ્યાં છે. આ ઉપરાંત કોરોના કાળમાં ઓક્સિજનની વ્યવસ્થા લોકડાઉન સમયે ૩૦૦ જણ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પર્યાવરણ જાળવણી માટે વૃક્ષારોપણ, પક્ષીઘર, પાણીના કૂંડાનું વિતરણ પ્રકલ્પો હાથ ધરાય છે. ભવિષ્યમાં સાર્વજનિક જગા મળે તો દર રવિવારે ખીચડી ઘર બનાવવાનું વિચારાધીન છે.

● બ્રિટનના રાણી એલિઝાબેથ પિતા જ્યોર્જ પાંચમાં પાસેથી ૧૯૫૨માં રાજપદ ગ્રહ કર્યા પછી ૯૬ વર્ષે સિંહાસનના સાત દાયકા પૂર્ણ કરતાં તેમને શુભેચ્છા આપવા બ્રિટિશ કચ્છી સમુદાય પણ જોડાયો હતો. ગુરૂવારથી રવિવાર સમગ્ર બ્રિટનમાં રજા જાહેર કરાઈ હતી અને શેરી પાર્ટીઓ થઈ હતી. તે અનુસંધાને લંડન વિલ્સડનલે સ્વામિનારાયણ મંદિરમાં રાણીના માનમાં બે હજાર કચ્છી ગુજરાતી પ્રજાએ ગાર્ડન પાર્ટી યોજી હતી. જેમાં રાફેલ ડ્રો, ખાણી પાણીના સ્ટોલ, બાળકો માટે વિવિધ રમતો રમાડાઈ હતી. રાણીના માનાર્થે મંદિરની પાઈપ બેન્ડે સંગીતની સૂરાવલી છેડી હતી.

● કચ્છ જિલ્લાની સરહદ ડેરીના સતત પાંચમી વાર ચેરમેન પદે બિન હરીફ વરણી પામેલા કચ્છી કુરિયનનું બિરૂદ મેળવનાર વલમજીભાઈ હુંબલ અમૂલ ડેરીના સંચાલક બોર્ડમાં પણ ડાયરેક્ટર છે. શરૂઆતમાં ૧૫૦૦ લિટર દૂધથી શરૂઆત થઈ આજે રોજિંદા ધોરણે ૫ લાખ લિટર દૂધ કલેક્શન સુધી પહોંચ્યું છે. શરૂઆત ૧ સેન્ટરથી થઈ જે આજે ૧૯ સેન્ટર છે. પ્રારંભે ૧૫ સહકારી મંડળીઓ હતી જ હવે ૭૩૫ દૂધ સહકારી મંડળીઓ સુધી વિસ્તરીત થઈ છે. વાર્ષિક રૂા.૨ કરોડનું ચૂકવણું શરૂઆતમાં હતું. આજે ૭૭૫ કરોડનું ચૂકવણું પશુ પાલકોને કરવામાં આવે છે. જેમાં ૮૦ હજાર કુટુંબોને રોજી મળે છે.

● રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના કચ્છ જિલ્લામાં નિર્માણ પામનારા નવા ભવનમાં સમાજના કચડાયેલા વર્ગને પગભર કરવા તેમાં ખાસ કરીને કિન્નરો શિક્ષિત થઈ કમાઈને પગભર થાય સ્વામનભેર જીવન ગુજારો કરી શકશે તે માટે અભિયાન ચલાવશે. આ યુનિવર્સિટી દ્વારા અત્રી સ્પેશલ લનર્સ સપોર્ટ સેન્ટર કાર્યાન્વીત કરવામાં આવ્યું છે. માનસિક વિકલાંગ, જેલના કેદીઓ, કિન્નરો માટે શિક્ષણ થકી જીવનમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરાય છે. હેલ્થ એટેન્ડન્ટ, બ્રાઈડલ મેકઅપ, રસોઈ, ફેશન ડિઝાઈનીંગ સહિતના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN INTEREST FREE

Now Expand & Secure Your Business with
Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

**ARIHANT BANK**
Estd 1984
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)